જી.જે.કયુ.એલ / ૪૩૦૯/ ૧૫૦૧
કલેકટર કચેરી (ખનીજ શાખા)
જુનાગઢ તા. - -२००
૧૭/૮/૦૭.

**વંચાણે :**

(૧) અરજદારશ્રી દેવશીભાઈ સામતભાઈ ચાંડેરા રહે. ગુંદરણ ની ~~રીન્યુ~~ કવોરીલીઝ ની તા. ૨૬/૯/૦૫ ની અરજી

(૨) મદદનિશ / ~~નાયબ~~ કલેકટરશ્રી ~~જુનાગઢ~~ / ~~કેશોદ~~ / વેરાવળ ના પત્ર નં. લેન્ડ / ૩૨૨૨/૦૬ તા. ૨૩-૧૦-૨૦૦૬

(૩) લેન્ડશાખાના હુકમ નાં લેન્ડ / ૨/રી/૨૦/૨૦૦૭ તા. ૨૦-૨-૨૦૦૭

(૪) ~~તાલુકા પંચાયત~~ મામલતદારશ્રી તાલાળા ના પત્રક લેન્ડ/રી/ ૫૪૩૮/૦૬ તા. ૩-૧૦-૦૫ નીબીનખેતી હુકમ નં. ............ તા. ............

(૫) અધિક નિયામકશ્રી / નાયબ સચિવશ્રી / ગાંધીનગરના હુકમ નં. અપીલ / રીવીઝન — તા. —

(૫) સરકારશ્રીનાં ઉદ્યોગ ખાણ અને વીજળી વિભાગનાં જાહેરનામા ક્રમાંક જીયુ–૭૧–૧૧–એમ.સી.આર.–૨૧૬૮–૯૬૫–છ તા ૧૮/૦૨/૭૧ પરિપત્રક્રમાંક– એમ.એમ.આર./૯૨ (૨૧)–૫૮૦૫–છ તા.૨૨/૧૨/૯૨ તથા એમ.સી.આર.–૧૦૯૭–વી.આર.પી.–૨૦–છ તા.૧૬–૬–૨૦૦૦

---

**હુકમ ::**

ગુજરાત ગૌણ ખનિજ નિયમ ... ના નિયમ– ... અનુસાર અમોને પ્રાપ્ત થયેલ અધિકારની રૂએ નીચે જણાવેલ વિસ્તારમાંથી બ્લેક ટ્રેપ ગૌણ ખનિજ ખોદી કાઢવા ૬ વર્ષ માટે કવોરીલીઝ રીન્યુ મંજૂર કરવામાં આવે છે.

| તાલુકા | ગામ | સ.નં. | ક્ષેત્રફળ હે.આર.ચો.મી. | નોંધ |
|---|---|---|---|---|
| તાલાળા | ગુંદરણ | ૮૩ પૈકી | ૧-૦૦-૦૦ | પ્રમાણિત નકશા મુજબ |

ઉપરોકત વિસ્તારનું કવોરીલીઝ નીચે દર્શાવેલ શરતોને અને જે તે **વખતના નિયમોને આધિન** રહેશે.

(૧) આ હુકમની તારીખથી ૯૦ દિવસની અંદર અરજદારે પોતાના ખર્ચે જીલ્લા જમીન દફતર નિરીક્ષક શ્રી જુનાગઢ મારફતે લીઝ વિસ્તારની માપણી કરાવી પાકા હદ નિશાન ઉભા કરાવી પ્રમાણીત નકશા તૈયાર કરાવી નિયત નમુનાના ફોર્મ 'ઘ' માં કરારખત કરાવી લેવાનું રહેશે. ૯૦ દિવસની સમય મર્યાદામાં કરારખત કરવાનું ચુકી જવાશે તો તે મંજુરી આપોઆપ રદ થયેલી ગણાશે અને તે માટે કોઈ લેખિત જાણ કરવામાં આવશે નહી. કરારખત કરતી વખતે શરતો અને નિયમોના પાલન માટે સીકયોરીટી ડીપોઝીટ રકમ દર હેકટરે અગર તેના ભાગ માટે રૂા. ૧૦૦૦/– ૮૪૪૩ સીવીલ ડીપોઝીટ સીકયોરીટી ડીપોઝીટના સદરે ભરપાઈ કર્યાનું અસલ ચલણ રજુ કરવાનું રહેશે.

(૨) આ લીઝ મંજુરીના હુકમના આધારે ખાણકામ શરૂ થઈ શકશે નહી પરંતુ નિર્દેશ કર્યા પ્રમાણે સક્ષમ અધિકારીશ્રી પાસેથી કરારખત કરાવીને લીઝ વિસ્તારનો કબજો મેળવવાના રહેશે. ત્યારબાદ જ કરારખતની કલમ–૨ ની ભાગ–૩ પ્રમાણે લેખિત નોટીસ આપીને સક્ષમ અધિકારી.પાસેથી અગાઉથી પરવાનગી મેળવીને કામ શરૂ થઈ શકશે.

(૩) પુરેપુરા લીઝ વિસ્તારનું વાર્ષિક જમીન ભાડુ દર હેકટરે રૂા.૧૦૦/– પ્રમાણે શરૂઆતમાં ભરી આપવાનું રહેશે.

(૪) ખાણમાંથી ખોદીને નિકાલ કરેલ ગૌણ ખનિજ ઉપર ગુજરાત ગૌણ ખનિજ નિયમ–૧૯૬૬ ના પરિશિષ્ટ–૧ માં દર્શાવેલ વખતો વખતના દરે ડેડરેન્ટ અથવા રોયલ્ટીની રકમ ભરપાઈ કરવાની રહેશે. આ નિયમો હેઠળ પ્રવર્તમાન રોયલ્ટીના દર નીચે પ્રમાણે છે.

ગૌણ ખનિજનું નામ

બ્લેકટ્રેપ

ડેડરેન્ટ / રોયલ્ટીના દર
વાર્ષિક ડેડરેન્ટ ના રૂા. ...૫૦,૦૦૦/–.......
અથવા દર મે.ટન દીઠ રૂા. ...૫૫/–.......
ના દરે થતી વાર્ષિક રોયલ્ટી બે રકમમાંથી જે
રકમ વધુ હશે તે ભરવાની રહેશે.

(૫) લીઝ વિસ્તારમાંથી ખસેડવામાં આવતા ગૌણ ખનિજ વાહન સાથે નિયત કરેલ નમુના મુજબની (રોયલ્ટી પાસ) ત્રિપ્લીકેટ પાસ કાઢી આપવાના રહેશે તેમજ મેળવેલ ત્રિપ્લીકેટ પાસબુક માટે સહી સિક્કા કરાવતી વખતે તેને પેટે થતી રોયલ્ટી અગાઉથી એડવાન્સમાં ભરપાઈ કરવાની રહેશે.

(૬) ગૌણ ખનિજ ...બ્લેકટ્રેપ....... માટે આ લીઝ વિસ્તાર મંજુર કરવામાં આવેલ છે. તે સિવાયના અન્ય કોઈપણ ગૌણ / મુખ્ય ખનિજનું ખોદકામ ખસેડવાનું બની શકશે નહી.

(૭) લીઝ વિસ્તારમાં થયેલ કામ અંગેનો સંપુર્ણ હિસાબ ઠરાવેલ નમુનાના દૈનિક / માસિક પત્રકમાં પટેદારે રાખવાનો રહેશે.

(૮) કમિશનરશ્રી / સક્ષમ અધિકારીશ્રી અથવા ભુસ્તર વિજ્ઞાન અને ખનિજ ખાતાના કોઈપણ અધિકારી ખાણ તપાસ માટે આવે અને તપાસ દરમ્યાન ખાણ સબંધી કોઈપણ માહિતી ચોપડા, હિસાબો માંગે તો તે રજુ કરવાના રહેશે.

(૯) આ હુકમ કરારખત સાથે રાખવાનો રહેશે. અને તેમાં જણાવેલ શરતો પટેદારને બંધનકર્તા રહેશે.

(૧૦) સરકારશ્રીને જરૂર જણાય ત્યારે લીઝ વિસ્તારની જમીન વિના વળતરે પરત કરવાની રહેશે.

(૧૧) ખાનગી માલીકીની જમીનમાં જો લીઝ મંજુર કરાયેલ હશે તો તેવી જમીનનું એન.એ. કરાવી લેવુ ફરજીયાત છે. જેનો હુકમ રજુ થયા પછી જ કરારખત થઈ શકશે.

(૧૨) પટેદાર ખોદકામ કરી કાઢી લીધેલ ખનિજવાળા લીઝ વિસ્તારમાં દર ૧૦ ચો.મીટરે એક ઝાડ ઉછેરવાનું રહેશે.

(૧૩) અરજદારે પોતાના મંજુર કરેલ વિસ્તારમાંથી નિયમોનુસાર ખાણકામ કરવાનું રહેશે પોતાના મંજુર કરેલ વિસ્તાર સિવાયના અન્ય વિસ્તારમાંથી તેમજ અન/બીન અધિકૃત રીતે ખાણકામ થતું હોવાનું જણાઈ આવે તો અરજદારને મંજુર કરેલ ક્વોરીલીઝ પટો રદ કરવાની કાર્યવાહી હાથ ધરી શકાશે.

૦૩/૮/૦૭
કલેકટર
જુનાગઢ જીલ્લો, જુનાગઢ

રજી.એ.ડી.થી.

પ્રતિ,
શ્રી ...દેવશીભાઈ સામતભાઈ ચાંડેરા.......
મું. ગુંદરણ તા. તાલાળા

નાયબ કલેકટરશ્રી સ્ટેમ્પ મૂલ્યાંકન તંત્ર જુનાગઢ પાસે સ્ટેમ્પ ડયુટીની રકમ નકકી કરાવવાની રહેશે.

નકલ રવાના :–

(૧) મામલતદારશ્રી ......તાલાળા.

(૨) ડી.આઈ.એલ.આર. શ્રી જુનાગઢ આ સાથે મંજુર કરેલ વિસ્તારના નકશાની એક નકલ સામેલ છે. બ્લેકસ્ટોન ખનીજમાં રસ્તા અને જાહેર મિલકતથી ૨૦૦ મીટર તેમજ [illegible] મિલ્કતમાં ૫૦ મીટર છોડીને મંજુર કરવામાં આવેલ ચોકકસ વિસ્તારનીજ માપણી કરવાની છે. મંજુર કરેલ વિસ્તારની માપણી કરી હદ નિશાન ઉભા કરાવી નકશો તૈયાર કરી આપવામાં આવે તેવી જમીન ઉપરના સ્થાયી નિશાન અને અનુલક્ષીને અથવા કયા લાગુ સ.નં. છે તે બતાવવું આવશ્યક છે. વધુમાં ઓવરલેપિંગ ન થાય તે અંગે પણ ચકાસણી કરી નકશો તૈયાર કરવા વિ. છે.

(૩) સિલેકટ ફાઈલ

SPECIAL ADHESIVE 100 रुपये

SPECIAL ADHESIVE 500 रुपये

DIST. TREASURY OFFICE JUNAGADH

DISTRICT TREASURY JUNAGADH
Amount Rs. 3990=00
21 SEP 2007
Rs. ત્રણ હજાર નવસો નેવું પૂરા
Sr. No. 60 Dy. Acctt.

## નમુનો-ધ
## ઉત્ખનન પટ્ટાનો નમુનો
## (જુઓ નિયમ ૧૧(૫))

આ ખત સન ૨૦૦૭ ના નવેમ્બર મહીનાની ૨૯મી તારીખે

એક પક્ષે ગુજરાતના રાજયપાલ (જેમનો આમ હવે પછી "રાજય સરકાર" તરીકે ઉલ્લેખ કર્યો છે. અને તે શબ્દ પ્રયોગમાં સંદર્ભ ઉપરથી એવુ માનતુ હોય ત્યાં તેમના અનુગામી હોદેદારોના અને નામફેર કરી લેનારાઓનો સમાવેશ થયો ગણાશે.) અને બીજે પક્ષે નીચેનાની વચ્ચે એટલે કે.

(૧) (૧) પટ્ટે રાખનાર એક જ વ્યકિત હોય ત્યારે.

(૧) વ્યકિતનું નામ શ્રી દેવશીભાઈ સામતભાઈ સોંદરવા

સરનામું અને ધંધો) મુ. ગુંદરણ તા. તાલાળા કોન્ટ્રાકટર (જેમનો આમા હવે પછી "પટે રાખનાર" તરીકે ઉલ્લેખ કર્યો છે અને જે શબ્દ પ્રયોગ પરવાનગી આપેલા નામફેર કરી લેનારાઓના સમાવેશ થયો ગણાશેની વચ્ચે કરવામાં આવ્યું છે.

**(૨) (૨) પટે રાખનારા એક જ કરતાં વધારે વ્યકિતઓ હોય ત્યારે :**

**(૧) વ્યકિતનું નામ** ..............................................................................................

**(સરનામુ અને ધંધો)** .............................................................................................. (૨) અને

**વ્યકિતનું નામ** ..............................................................................................

**સરનામું અને ધંધો** .............................................................................................. (જેમનો

આમાહવે પછી "પટે રાખનાર" તરીકે ઉલ્લેખ કર્યો છે. અને જે શબ્દ પ્રયોગમાં સંદર્ભ ઉપરથી એવું માનતુ હોય, ત્યારે પોતપોતાના વારસો, એકઝીકયુટરો, વહીવટદારો, પ્રતિનિધિઓ અને પરવાનગી આપેલા નામફેર કરી લેનારાઓનો સમાવેશ થયો ગણાશે.) ની વચ્ચે કરવામાં આવ્યું છે.

**(૩) (૩) પટે રાખનારા સિન્ડીકેટ અથવા રજીસ્ટર થયેલ પેઢી હોય ત્યારે :**

(૨) અને (૩) (વ્યકિતનું નામ) .............................. (સરનામુ) ..............................

અને (વ્યકિતનું નામ) .............................. (સરનામુ) ..............................

અને (વ્યકિતનું નામ) .............................. (સરનામુ) ..............................

જેઓ બધા (જે અધિનિયમ હેઠળ રજીસ્ટાર થયેલ હોય તે અધિનિયમ) .............................. મુજબ

રજી. થયેલી (પેઢી અથવા સિન્ડીકેટનું નામ) .............................. ના નામે (પેઢી અથવા

સિન્ડીકેટનું સરનામું .............................. સ્થળે ભાગીદારોમાં ધંધો કરે છે.

એઓ (જેમનો આમા હવે પછી "પટે રાખનારા" તરીખે ઉલ્લેખ કર્યો છે. અને જે શબ્દ પ્રયોગમાં સંદર્ભ ઉપરથી એવું મનાતુ હોય, ત્યાં સદરહુ પેઢીના સઘળા ભાગીદારો, પ્રતિનિધિઓ, વારસો, એકઝીકયુટરો, વહીવટદારો અને પરવાનગી આપેલ નામફેર કરી લેનારાઓનો સમાવેશ થયો ગણાશે) વચ્ચે કરવામાં આવ્યું છે.

**(૪) (૪) પટે રાખનાર રજીસ્ટર થયેલી કંપની હોય ત્યારે :**

(૩) અને (૪) કંપનીનું નામ .............................. (જે અધિનિયમ હેઠળ **સંસ્થાપિત થયેલી હોય તે અધિનિયમ** .............................. **મુજબ રજીસ્ટર થયેલી કંપની** **અને તેની રજીસ્ટર થયેલી ઓફીસ (સરનામુ)** .............................. **સ્થળે આવેલી (જેનો આમાં હવે પછી પટે રાખનારા તરીકે ઉલ્લેખ કર્યો છે.) અને જે શબ્દપ્રયોગમાં સંદર્ભ ઉપરથી એવું મનાતુ હોય ત્યાં તેના અનુગામીઓ અને પરવાનગી આપેલા નામફેર કરી લેનારાઓ સમાવેશ થયો ગણાશે) ની વચ્ચે કરવામાં આવ્યું છે.**

વાસ્તે પટે રાખનાર/ પટે રાખનારાઓએ અહી નીચે જણાવેલી અનુસુચીના ભાગ-૧ માં વર્ણવેલી જમીનના

સંબંધમાં ........બ્લેક ટ્રેપ.... સારૂં ઉત્ખનન પટા માટે ગુજરાત ગૌણ ખનીજ નિયમો ૧૯૬૬ જેનો આમાં હવે પછી "સદરહુ નિયમો" તરીકે ઉલ્લેખ કર્યો છે. તે અનુસાર સંબંધ ધરાવતા યોગ્ય અધિકારીને અરજી કરી છે અને જામીનગીરી તરીકે રૂા. ........10000/-........ ચ.નં. ..........[illegible].......... તારીખ ........[illegible]........ થી એસબીએસ ........જુનાગઢ........ શાખામાં બજેટ હેડ ૮૪૪૩ સીવીલ સીકયોરીટી ડીપોઝીટ હેઠળની રકમ રાજય સરકાર પાસે અનામત મુકી છે. અને વાસ્તે ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ કમીશનર (નીદીષ્ટ કરેલી ગૌણ ખનીજોના દાખલામાં) આ પટો આપવાનું મંજુર કર્યાનું જણાવ્યું છે.

હવે આ ખતથી એવું ઠરાવવામાં આવે છે કે, આ લેખથી અને તેમાં નીચે રાખેલી અને જણાવેલ અનુસુચીથી ઠરાવેલા અને પટે રાખનારે / પટે રાખનારાઓએ ભરવાના ભાડા તથા રોયલ્ટી, પાળવાની કબુલાતો અને કરારનામાં અને અવેજમાં, રાજય સરકાર આથી પટે રાખનારાઓને સદરહુ અનુસુચિના ભાગ-૩ માં જણાવેલ હક, સતા અને વિશેષાધીકારો વાપરવા અને ભોગવવા સંબંધી મર્યાદાઓ અને શરતોને આધિન રહીને સદરહુ અનુસુચિ ભાગ-૨ માં આ અંગે જણાવેલ હકો, સતા અને વિશેષાધીકારો વાપરવા તથા ભોગવવા સહિત સદરહુ અનુસુચિના ભાગ-૧ માં ઉલ્લેખેલી જમીનોની નીચે આવેલી અથવા તેની અંદર હોય તેવા ........બ્લેક ટ્રેપ........ (અંહી ખનીજ અથવા ખનીજો જણાવવી) (જેનો આમાં હવે પછી અનુસુચિમાં સદરહુ ખનીજો તરીકે ઉલ્લેખ કર્યો છે તે) ના ખાણકામો ખાણના ઘર માર્ગ અને પડ મંજુર કરે છે. પરંતુ ભાગ-૪ માં જણાવેલા સ્વતંત્રતા, સતા અને વિશેષાધીકારો રાજય સરકારે અનામત રાખીને સને ૨૦૦૭..... ને ........નવેમ્બર........ મહીનાની ........૧૯મી........ તારીખથી ત્યાર પછી આવતા ........દસ........ વર્ષની મુદત માટે પટે રાખનાર / પટે રાખનારાઓને આપેલી જગ્યાઓ ધારણ કરવાને અને તે માટે સદરહુ અનુસુચિના ભાગ-૫ માં જણાવેલા જુદા જુદા ભાડા અને રોયલ્ટી સદરહુ અનુસુચિના ભાગ-૬ માં જણાવેલી જોગવાઈઓને આધિન રહીને તેમાં નિર્દિષ્ટ કરેલા સમયે રાજય સરકારને ભરવા પટે રાખનાર / પટે રાખનારાઓને આથી સદરહુ અનુસુચિના ભાગ-૭ માં જણાવ્યા મુજબ રાજય સરકાર સાથે કરાર કરે છે. અને રાજય સરકારને આથી સદરહુ અનુસુચિના ભાગ-૮ માં જણાવ્યા મુજબ પટે રાખનાર / પટે રાખનારાઓ સાથે કરાર કરે છે. અને આથી સદરહુ અનુસુચિના ભાગ-૯ માં જણાવ્યા મુજબ આ પક્ષકારો વચ્ચે પરસ્પર કબુલાત કરવામાં આવે છે. આની સાક્ષી તરીકે આ ખતપ્રથમ ઉપર લખેલા વર્ષમાં અને તારીખે નીચેની રીતે કરવામાં આવે છે.

ઉપર ઉલ્લેખેલી અનુસૂચિ :

ગુજરાત રાજ્યના રાજ્યપાલ માટે અને તેમના વતી જિલ્લા કલેકટરશ્રી

રત્ના લિપાની કુમાર
I.A.S.

કલેકટર
જુનાગઢ જિલ્લો, જુનાગઢ

૧. રશી. ન. મૂન

ભુસ્તરશાસ્ત્રી
ભુસ્તરવિજ્ઞાન અને ખનિજ ખાતુ
જુનાગઢ

૧. જી. કે. ડાંગર

સીનીયર કલાર્ક
જુનાગઢ

હાજરીમાં સહી કરી

દેવશીભાઈ સામતભાઈ ચોંડેરા
માટે અને તેના વતી

૧. મેહુલ દિનેશ ડાભી
ર-નાનાભાળ

૨. વિતન બી જોગરાવ
જુનાગઢ